# સમય ને ઓળખીયે - પ્રાચીન તીર્થો ઉપર આપણા અધિકારો સુનિશ્ચિત કરી લેવા નો સમય:

અયોધ્યામાં રામમંદિરની પ્રતિષ્ઠાના પ્રસઁગને અનુલક્ષીને જે ચાલી રહ્યું છે તેના ઉપર થી એક વાત સમજવા જેવી છેં, હાલ માં અયોધ્યા નો પ્રત્યેક વિકાસ સરકાર નક્કી કરે છેં. સમગ્ર આયોજન સરકાર નક્કી કરે છેં. 2024 ની ચૂંટણીના પરિણામ અયોધ્યા ડિસાઈડ કરશે, માટે જ કોને - કોને નિમંત્રણ આપવા એ સરકાર નક્કી કરે છે. આ સરકારી જમેલામાં મૂળભૂત ધર્માવલંબીઓના અધિકારો કેટલા? આખે આખો કાર્યક્રમ, અનુષ્ઠાન બધું જ સરકાર નક્કી કરે. હવે તીર્થોના વિકાસ માં સરકાર લાળ ચાખી ગઈ છેં. એક પછી એક ચાલશે. ઉત્તરપ્રદેશનો અને યોગીનો દબદબો જોઈ ને ગુજરાત રાજસ્થાન, મધ્ય પ્રદેશ વિગેરે સરકાર પણ હીરો બનવા જશે. આપણા ઘણા આગેવનો અને મોડર્ન સંસ્થાઓ પણ સરકારને સામે થી વિકાસ ની ઓફર કરશે - તક આપશે. એક વાર આપણા તીર્થોના સરકારી વિકાસ થવા દો, વધારામાં આપણે ત્યાં તો પૈસા ની રેલમછેલ છેં. રેલ, પ્લેન, સિક્સ 6 - વે હાઇવે, વિશાળ જળ વિસ્તાર, વોટર વે. સુંદર પહાડ, મનોહર જંગલો, અનુકૂળ પર્યાવરણ,પ્રમાણ માં સસ્તી ધર્મશાળા, ડૉનેશનો નો વરસાદ આ બધી આધ્યાત્મિક વિકાસ ની જોગવાઈઓ ને જો સરકારી સમર્થન મળી જાય ત્યારે સમજવું કે સ્પિરિચ્યુલ (spiritual) પ્રોપર્ટીસ નો સરકારીકરણ થઇ રહ્યું છેં અને તેનો ઉપયોગ આધ્યાત્મિક વિકાસના પેકીંગમાં ભૌતિક વિકાસ અને આર્થિક વિકાસ માટે થશે, દેશ વિદેશના સહેલાણીઓને આકર્ષવા માટે થશે. તીર્થોનું કોમર્શિયલાઈઝેશન થઇ રહ્યું છે. અહીં શ્રદ્ધા, ધર્મ, પવિત્રતા ના રેપર જ છે, અધ્યાત્મિક વિકાસ ની અપેક્ષા જ ન રાખવી.

આ વિષયમાં જાગૃતિ લાવવી અતિ જરૂરી છે. શરણાનંદનો બાપ સરકાર છે. એક ઝાટકે 1000 શરણાનંદો જેટલી ઉપાધિઓ સરકાર ઉભી કરી દેશે. જો તીર્થ ને બચાવવું હોય તો, પ્રત્યેક તીર્થમાટે કોડ ઓફ કન્ડકટ બનાવવા જરૂરી છે, પ્રવેશ,નિવેશ,પહેરવેશ વિગેરેના સ્પષ્ટ નિયમો બનાવવા અતિ જરૂરી છે. વિવિધ રીતે આપણા માલિકી અધિકારો સ્થાપિત કરવા જરૂરી છેં, એ વાત નું સતત સભાનતા રાખવી પડે કે WE ARE THE BOSS. આપણા તીર્થોના અધિકારો વિષે આપણી ઉદાસીનતા અક્ષમ્યતાં ના સ્તરે પહોંચી ગઈ છે. આપણે સૌ એ આપણા તીર્થો ઉપર આપણી માલિકી છે એ વાતજ વિસરી ગયા છીએ. બધું જ સરકાર નું !

આજે રાજા રજવાડા નથી કે અકબર બાદશાહની જેમ ફરમાન આપી દે એટલે તીર્થ આપણું. અહીં તો એક માત્ર કોર્ટનો આંધળો કાયદો જ ચાલે છે, જીવતા માણસે પોતે બેન્ક મેનેજર પાસે થી સર્ટિફિકેટ લાવી લીગલી પુરવાર કરવું પડે છે કે હું આજે જીવું છું તો જ કોર્ટ માનશે. તમે જઈ ને જજ સામે ઉભો રહી ને કહેશો કે હું હજી જીવું છું તો નહિ માને! આવી પરિસ્થતિમાં દરેકે દરેક પ્રાચીન તીર્થના આપણા અધિકારો કાયદેસર રીતે પુરવાર થાય તે રીતે સુવ્યવસ્થિત કરવા પડે

તેમ છે. મોગલો અને મુસ્લિમો એ તો લુંટ્યા આપણે તો સામે ચાલી ને લૂંટાવ્યા આ ઇતિહાસમાં લખાશે. ટ્રસ્ટો સરકાર લૂંટશે અને તીર્થો અન્ય પંથીઓ અને અન્ય ધર્મીઓ, જૈનધર્મની શી દશા થશે?

આપણા પ્રત્યેક તીર્થમાટે આપણા હકો અને અધિકારો ની બાબતમાં સંપૂર્ણ જાગૃતિ અને એક્શનમાં આવવું જરૂરી બની ગયું છે. પાલીતાણાના ડોળી ના આયોજન ની વાત કરીએ તો એક વાત હર સમયે લક્ષમાં રાખવા જેવી છે. ડોળી નું આખે આખું આયોજન એકમાત્ર જૈનો માટે જ ચાલે છે. લગભગ 2000 જેટલા ગ્રામવાસીઓને રોજગારી પુરી પાડે છે. જે જે લોકો આ વ્યવસાય માં જોડાયેલા છે તેઓ નો ધ્યેય માત્ર જૈનોને સેવા આપી પોતાની વ્યવસ્થિત રોજગારી મેળવવાનો છે. આ પરિસ્થિતિમાં જૈનોની ગરિમા, સેફટી અને સલામતી સૌથી મહત્વની છે. યાત્રા સબંધી સર્વે પ્રકારની સેવામાં આખરી શબ્દ જૈનોનો હોવો જરૂરી છે. સરકાર કે અધિકારીઓ કાયદો અને વ્યવસ્થાની જાળવણી કરે પોતાના કાયદાઓ કે નિર્ણયો જૈનો ઉપર ઠોકી ન બેસાડે.

મુખ્ય વાત એ છે કે જૈનો ને અનુકૂળ સેવાઓનુ નિર્માણ કે કન્ટ્રોલ / રેગ્યુલેટ સરકારી અધિકારીઓ ન કરે પણ નિર્માણ કરેલી વ્યવસ્થાઓ સંચાલન (નિર્માણ કરેલી વ્યવસ્થાના ચતુષ્કોણમાં રહી ને) સરકારી અધિકારીઓ કરે. વ્યવસ્થામાં કોઈને અન્યાય ન થાય તે સરકાર ધ્યાન રાખે પણ પ્રત્યેક નિર્ણયના અંતમાં જૈનોના ઓથોરાઈઝડ રીપ્રેઝન્ટેટિવની સંમતિ જરૂરી હોવી જ જોઈએ. આ. ક. પેઢી જે કામોમાં ડાયરેક્ટ ન પડે તે પોતાની સ્પોન્સર્ડ કે સિલેક્ટેડ એજન્સી કે સંસ્થા મારફતે કરાવે. એ સંસ્થા સરકાર સાથે રહી ને પેઢી એ જે જે નિયમો બનાવે તેના રૂટિનમાં પાલન અને સંચાલન ની જવાબદારી લે. પેઢી નું રેપ્રેઝન્ટેશન બધે જ હોય એ ખૂબ જરૂરી છે. અને પેઢી ને જે જે અધિકારો મળ્યા છે તે તે અધિકારો નો યોગ્ય ઉપયોગ ડાયરેકટી કે ઈન્ડાયરેક્ટ્લી કરે પોતાની માલિકી અંગે સતત સભાન રહે. પેઢી એ કેટલીક વિશ્વાસપાત્ર સંસ્થાઓ ને તેમની ક્ષમતા અનુસાર જવાબદારીઓ સોંપી રેકેગ્નાઈઝેશન આપવું બહુ જ જરૂરી બની ગયું છે.

પાલીતાણા ખાતે ડોળીની વ્યવસ્થા, ગઢમાં પ્રવેશના નિયમો, સ્ટાફ ની ફરજો, જવાબદારીઓ અને વર્તણુક ની SOP સિક્યુરિટી સિસ્ટમનું ઓડિટ અને નિયમો વિગેરે જે જે કોઈ વ્યવસ્થા માં સુધારણા અર્થાત નિયમો બનાવવાના હોય તે લેશ માત્ર સમય ગુમાવ્યા વગર બનાવી લેવા જરૂરી છે. અત્યારે ઘણી અરાજકતા નજરે ચડે છે અને તે માટે મોટા ભાગના મહાત્માઓ પણ ચિંતિત છે.

એક વાત સમજવાની ખાસ જરૂરી છે, પાલીતાણા તીર્થની જ અહીં વાત નથી, અપેક્ષાએ સર્વ પ્રાચીન તીર્થોના સન્દર્ભ માં આ વાત લક્ષમાં લેવી જરૂરીછે. પૂજ્ય મહાત્માઓ પણ આ બાબતમાં વિશેષ રસ લેવાનું રાખે અને તીર્થની રક્ષા અંગે ચાલતા સર્વ કાર્યો માં તેઓશ્રી માર્ગદર્શન અને આશિષ આપતા રહે અને જે કોઈ ક્ષતિઓ થઇ રહી હોય તેવું લગતા જ તે પોતાની શક્તિ નો અને પ્રભુ શાસનમાં પરંપરા એ મળેલી જવાબદારીઓ તીર્થની રક્ષાને લક્ષમાં રાખી અટકાવે. આ

કાર્ય જાયજેન્ટીક છે, કોઈ એક પૂજ્ય મહાત્મા આ પોર્ટફોલિયો હેન્ડલ ન કરી શકે, કોઈ એક શ્રાવક ની ટિમ પણ ન કરી શકે અને અંતે તીર્થના અધિકારો ગુમાવવાનો સમય આવે. આવું ન થાય તેમાટે અલગ અલગ તીર્થ ની રક્ષા માટે અલગ અલગ ટિમ નિયુક્ત કરે અને તે તે ટિમ માં જોડાયેલા મહાત્માઓ આ જ રીતે પુજ્યો શ્રી ની પ્રત્યેક ટિમ પોતાની અંદર માં સમર્થ શ્રાવકો ની ટિમ નીમે અને એ ટિમ જે જે તીર્થ ની વયસ્થા જે જે પેઢી સાંભળતી હોય તેની સાથે કોઓર્ડીનેટ કરી કાર્ય સંપ્પન થાય એ નિશ્ચિત કરે અને તેની ઉપર રહેલી મહાત્મા ની ટિમ ને રિપોર્ટિંગ કરે. મહાત્મા પોત પોતાની પ્રવર સમિતિને રિપોર્ટિંગ કરે આવી સુદઢ વ્યવસ્થા તાત્કાલિક ઉભી કરવી જરૂરી છે. તીર્થને હાની પહોંચી શકે એવા કોઈ પણ અનુષ્ઠાન મહાત્માઓ કે શ્રાવકો તે તે તીર્થમાં ન કરે આ એક ડિસિપ્લિન જરૂરી છે.

તીર્થને હાની પહોંચી શકે એવા કોઈ પણ અનુષ્ઠાન મહાત્માઓ કે શ્રાવકો તે તે તીર્થમાં ન કરે આ એક ડિસિપ્લિન જરૂરી છે. આ નિર્ણય મહાત્માઓ વચ્ચે સામુહિક નિર્ણય લેવાય તે અતિ આવશ્યક છે. ફરી ફરી ને વાત યાદ કરાવવી જરૂરી છે કે સરકારી હસ્તક્ષેપ તીર્થમાં થશે તો વિકાસ ના નામે વિનાશ જ થશે અને બધી જ જવાબદારીઓ તે તે તીર્થ કે તીર્થોનું વહીવટ કરતી પેઢી ઉપર મૂકી નિશ્ચિન્ત થઇ જવાનો સમય નથી.